ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૭ ટકા

# પાટનગરના ફટાકડા બજાર પર હજુ 'અમદાવાદ'નો ઓછાયો...!!

## શહેરમાં ફટાકડા બજારમાં સુસ્તી : હજુ કેટલાક શહેરીજનોને અમદાવાદથી ખરીદી કરવાનો 'મોહ' છુટતો નથી : અંતિમ દિવસોમાં ઘરાકી ખુલવાની વેપારીઓને આશા



ગાંધીનગર, તા.૧

દિવાળી દરવાજે દસ્તક દેવા આવી પહોંચી છે પરંતુ હજુ સુધી ગાંધીનગરના ફટાકડાં બજારમાં જોઈએ તેવો ગરમાવો જણાતો નથી. જો કે ફટાકડાં બજારના વેપારીઓને ઘરાકી ખુલવાની આશા છે જયારે બીજી તરફ પાટનગરમાં હજુ પણ અમદાવાદથી ફટાકડાં ખરીદવાનો ટ્રેન્ડ વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં પ્રારંભથી બજારોનો વિકાસ થયો ના હોવાથી અહીં વસવાટ કરવા આવેલા સરકારી કર્મચારીઓના પરિવારોને નાની-મોટી ખરીદી માટે અમદાવાદના આધારે રહેવું પડતું હતું. સમયાંતરે ગાંધીનગરમાં કોમર્શિયલ વિસ્તારોનો વિકાસ થવા સાથે વિવિધ વેપાર ધંધાનો વિકાસ પણ સારી રીતે થવા પામ્યો છે તે સાથે જ અમદાવાદ ગાંધીનગર વચ્ચે પરિવહન સેવા પણ વધુ વિકસી છે અને ઝડપી બની છે જેના કારણે શહેરીજનોને અમદાવાદ જવું-આવવું પહેલા કરતા વધુ સરળ અને વધુ ઝડપી બન્યું છે. અમદાવાદ એ રાજયનું આર્થિક વ્યવસાયિક રીતે સૌથી મોટું શહેર છે જયાં છુટકથી માંડી હોલસેલ અને સેમી હોલસેલ પ્રકારના વેપાર ધંધા મોટા પાયે વિકાસ પામેલા છે અને રાજયભરના છુટક તથા જથ્થાબંધ વેપારીઓ અમદાવાદના બજારો પર નિર્ભર છે તે જ રીતે રીટેલ ગ્રાહકો પણ અમદાવાદથી ખરીદી કરવાનું પસંદ કરતા હોય છે. ગાંધીનગરના જૂના રહીશોને અમદાવાદ પર નિર્ભર રહેવાની પડેલી આદત તથા આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી ગાંધીનગરમાં નવા રહેવ આવેલા નાગરિકોને અમદાવાદ ખરીદી કરવાની આદતને લીધે હજુ પણ શહેરીજનોમાં અમદાવાદના બજારોમાંથી ખરીદી કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જેના કારણે પાટનગરના વેપારીઓને કયારેક સીઝનમાં ઘરાકી ખુલવા માટે રાહ જોવી પડે છે.

અમદાવાદ ખરીદી કરવા જતા નાગરિકોનું માનવું છે કે ત્યાં મોટા બજારમાં વધુ સ્પર્ધાત્મક કિંમત તથા પસંદગી માટે વધુ અવકાશ પ્રાપ્ત થાય છે વળી મોટું બજાર હોવાને કારણે લેટેસ્ટ ચીજવસ્તુઓ મળી રહે છે. નગરજનોના આ પ્રકારના વલણને કારણે સ્થાનિક વેપારીઓને અસર પડી રહી છે. હાલ દિવાળીની સીઝનમાં પણ અમદાવાદના દિલ્હી દરવાજા જેવા સ્થળોએથી ફટાકડાં ખરીદવા જતા રહીશો જોવા મળી રહ્યા છે જયારે પાટનગરના ફટાકડાંના વેપારીઓ આવનારા દિવસોમાં ઘરાકી ખુલશે તેવી આશા સેવી રહ્યા છે.

## રવિવારે સમસ્ત જણસારી સમાજની મિટીંગ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સમસ્ત જણસારી સમાજ દ્વારા શહેરમાં વસતા સમસ્ત જણસારી જનક્ષત્રિય સમાજના હોદ્દેદારો તથા સભ્ય પરિવારોના તેજસ્વી તારલાઓના સન્માન કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. આ સહિતના કાર્યક્રમના આયોજન માટે આગામી તા. ૪થી નવેમ્બર રવિવારે સવારે ૯ કલાકે જૂના સચિવાલયની કેન્ટિન પાસે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટીંગમાં જે જ્ઞાતિજનના બાળક ધો-૧થી ૧૨માં અભ્યાસ કરતા હોય તેમણે ઈનામ વિતરણના કાર્યક્રમ માટે માર્કશીટ આપવાની બાકી હોય તો સાથે લેતા આવવા અથવા મોકલી આપવા તાકીદ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમસ્ત જણસારી સમાજ ગાંધીનગરના હોદ્દેદારો-અગ્રણીઓ દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિમિત્તે યોજાયેલ એકતા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મિટીંગમાં હાજર રહેવા સંસ્થાના પ્રમુખ રમેશચંદ્ર ચૌહાણ તથા મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણે અનુરોધ કર્યો છે.

## રાષ્ટ્રીય શ્રમિક શિક્ષા વિકાસ બોર્ડ દ્વારા મહિલા શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧

શ્રી દત્તોપંત ઠેંગડી રાષ્ટ્રીય શ્રમિક શિક્ષા એવમ વિકાસ બોર્ડ દ્વારા ચાંદખેડામાં શ્રમજીવી મહિલાઓની જાગૃતિ શિબિર યોજાઈ હતી.

શિક્ષણાધિકારી મોહનસેન, પૂર્વ શિક્ષણાધિકારી આર.આર. સોનીએ સંસ્થાની મહિલા જાગૃતિ પ્રવૃત્તિઓની વિગતો આપી હતી. કેન્દ્રીય મહિલા બાળ કલ્યાણની યોજનાઓ વિષે માહિતગાર કર્યા હતા. પૂર્વ સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવેએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું મહિલા કન્વીનર યમુનાબોન શ્રીમાળી, રશ્મિકાબોન શ્રીમાળી, અંજુબોન રાજપુત વગેરે અગ્રણીઓએ મહિલા જાગૃતિ વિષયક અને કલ્યાણકારી યોજના વિષયક મહિલાઓ સાથે ગોષ્ઠિ યોજી હતી. જ્ઞાનદીપ શિક્ષણ સમિતિના મહામંત્રી રશ્મિકાબોન શ્રીમાળીનું તેઓના મહિલા વિકાસલક્ષી યોગદાન બદલ પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

અખિલ ગુજરાત રત્નોત્તર વિકાસ પરિષદના મંત્રી પ્રોગ્રામ ઓર્ગેનાઈઝર સુરેશભાઈ પંડયાએ બે દિવસીય શિબિરની રૂપરેખા આપી ઉપસ્થિતોનો આભાર માન્યો હતો. શિબિરમાં ચાંદખેડા વિસ્તારની બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી.

## દિવાળીના પર્વમાં જ એ.ટી.એમ. કાર્ડધારકોને ઝટકો...!

ગાંધીનગર, તા.૧

દિવાળીના પર્વોની નવેમ્બરના પ્રથમ દિવસોમાં જ સમગ્ર દેશવાસીઓ ઉજવણી કરશે. ઉજવણી સમાજનો દરેક વર્ગ તેમની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ કરે છે. આવી ઉજવણીના સમયે ૧લી નવેમ્બરથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એટીએમ કાર્ડ હોલ્ડરો પ્રતિદિઠ એટીએમ ડેબીટ કાર્ડ દ્વારા રૂ. ૪૦,૦૦૦ ઉપાડ કરી શકતા હતા તે હવેથી રૂ. ૨૦,૦૦૦ કરી શકશે. આમ જનતા દિવાળીના પર્વોમાં સામાન્ય રીતે સગા-વ્હાલા કુટુંબીજનોને ભેટ આપવા તેમજ તહેવારને અનુલક્ષીને ખરીદી કરતા હોય ત્યારે મોંઘવારીને ધ્યાને લેતા રૂ. ૨૦,૦૦૦ના ઉપાડ તો નજીવો ગણાય. બેંક સત્તાધીશનો નિર્ણય બેંકિંગ ક્ષેત્ર માટે સાનુકુળ હશે પરંતુ કાર્ડધારકો માટે તહેવારના દિવસોમાં મુશ્કેલીરૂપ પરિસ્થિતિનું નિર્માણ કરશે તેમાં બે મત નથી. તો બેંક સત્તાધીશોને સમય સંજોગો ધ્યાને લઈ યોગ્ય નિર્ણય કરવા વિનંતી છે.

# સસ્તામાં સોનુ આપવાની લાલચ આપી છેતરપિંડી કરતી નકલી પોલીસ ગેંગ ઝડપાઈ

## ગાંધીનગર એસઓજીની ટીમે એક મહિલા સહિત ત્રણ શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧

જમીનમાંથી બહાર કાઢેલા સોનાના દાગીના સસ્તામાં આપવાની લાલચ આપી લાખો રૂપિયાનો ચૂનો લગાડતી નકલી પોલીસ ગેંગ ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સકંજામાં આવી ગઈ છે. એક મહિલા સહિત ત્રણ શખ્સોની ત્રિપુટીને રોકડ રૂ.૧.૯૧ લાખના મુદ્દામાલ સાથે પકડી પાડી એસઓજીની ટીમે ત્રણેયની ધરપકડ કરી સઘન પૂછપરછ કરતા જિલ્લા પોલીસ મથકમાં નોંધાયેલાં છેતરપિંડીના ગુનાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. એસ.ઓ.જી.એ ત્રણેય શખ્સોની ધરપકડ કરી મોબાઈલ અને કાર તથા રોકડ મળી કુલ સવા ચાર લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસને સોંપવા કવાયત શરુ કરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી ઈન્ચાર્જ પીઆઈ જે.આર.કરોતરાની સુચનાથી પી.એસ.આઈ વી. કે. રાઠોડ અને બી.એમ.પટેલની ટીમ મિલકત વિરુદ્ધના ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સક્રિય થઈ છે ત્યારે ચોક્કસ બાતમીને આધારે સસ્તામાં સોનું વેચવાની લાલચ આપી છેતરપીંડી આચરતી ત્રિપુટીને આ ટીમે દબોચી લીધી છે. મૂળ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિસ્તારમાં રહેતા અને હાલ વટવા ખાતે રહેતા દિપક ભરત શુકલ, મૂળ મહેસાણાના ટુંડાલી ખાતે રહેતા અને હાલ મહેમદાવાદના હલદરવાસમાં રહેતા નગીન બાબુ દેવીપુજક અને મહિલા સૂત્રધાર નાગિનની પત્ની મીના મળીને ત્રણ શખ્સોને એસઓજીની ટીમે દબોચી લીધા છે. આ ત્રિપુટી પાસેથી રોકડ રૂ.૧,૯૧,૬૯૦ તથા પાંચ મોબાઈલ અને કાર મળી કુલ રૂ.૪,૨૪,૨૯૦ ની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. ત્રણેયને શંકાને આધારે પકડી સઘન પૂછપરછ કરતા પોતે છેતરપિંડી આચરી હોવાની વિગતો બહાર આવી છે. પોલીસની ઓળખ આપીને જમીનમાંથી બહાર કાઢેલા સોનાના દાગીના સસ્તામાં આપવાનું કહીને પ્રજાને ભરમાવી તેની સાથે આ ગેંગ છેતરપિંડી કરતી હોવાનું બહાર આવ્યું છે. ચિલોડા પોલીસ મથકમાં આ ત્રિપુટી સામે ગુનો દાખલ થયેલો છે. તે ઉપરાંત આ જ મોડસ ઓપરેન્ડીથી બે મહિના પહેલા હિંમતનગરના રહેવાસી પાસેથી પણ આ ગેંગે ત્રણેક લાખની છેતરપિંડી આચરી હોવાનું પ્રાથમિક પૂછપરછમાં બહાર આવી છે. એસ.ઓ.જી.ની ટીમે ત્રણેયની ધરપકડ કરી ચિલોડા પોલીસને વધુ પૂછપરછ અને તપાસ માટે આરોપીઓ મોકલી આપ્યા છે.

## વિહિપ - બજરંગદળના જિલ્લા સંગઠનના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૧૨માં બલરામ ભવન ખાતે ગઈ કાલે વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ, દુર્ગા વાહિની વગેરે સંસ્થાની સંયુકત બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં માતૃશકિત, દુર્ગા વાહિની મહિલા હિત ચિંતક અભિયાન અંગે માહિતી પ્રદાન કરવામાં આવી હતી અને તે સાથે જિલ્લા મંત્રી નવિનભાઈ પટેલ દ્વારા જિલ્લા સંગઠનમાં જવાબદારીઓની નવીન સોંપણી અંગે જાહેરાત કરવામાં આવી હતી.

જિલ્લા મંત્રી દ્વારા કરાયેલ જાહેરાત અનુસાર ગાંધીનગર જિલ્લા બજરંગદળના ઉપપ્રમુખ પદે જશવંતસિંહ ચૌહાણ, દહેગામ એકમના પ્રમુખ પદે અજિતસિંહ ચૌહાણ તથા ઉપપ્રમુખ પદે મહેન્દ્રસિંહ ચૌહાણ, દહેગામ એકમના વિહિપના પ્રમુખ પદે છત્રસિંહ ચૌહાણ તથા સુરક્ષા પ્રમુખપદે મહેન્દ્રગીરી ગૌસ્વામી અને જિતેન્દ્રસિંહ ચૌહાણની વરણી કરાઈ છે. આ સાથે ગાંધીનગર શહેરના વિહિપના ઉપાધ્યક્ષપદે ફાલ્ગુનભાઈ મોદી, સહમંત્રી પદે મહેન્દ્રભાઈ પ્રજાપતિ, કોલેજિયન પ્રમુખપદે રાહુલસિંહ ઠાકોર અને ઉપપ્રમુખપદે નિલેશજી ઠાકોર, પ્રચાર-પ્રસાર પ્રમુખ પદે વિશાલ ચૌધરી, સે-૧૫ બજરંગ દળ પ્રમુખ પદે ચંદન ઠાકોર, સે-૨૭ વિહીપ પ્રમુખ પદે મહેશભાઈ દરજી, તથા ગાંધીનગર ગ્રામ પ્રચાર-પ્રસાર પ્રમુખપદે કૌશિક સેંગલની વરણી કરવામાં આવી છે.

## ૮ નવેમ્બરે સે-૭-ડીમાં સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧

સેકટર-૭-ડી ખાતે ૧૯૯૨થી નવા વર્ષના પ્રથમ દિવસે પ્રાતઃ કાળે સ્નેહમિલન શુભેચ્છા અર્થે ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડી દ્વારા યોજવામાં આવે છે. આ વર્ષે તા. ૮મી નવેમ્બરના રોજ વિક્રમ સંવત ૨૦૭૫ના પ્રથમ દિવસે સવારના સાડા સાત વાગે સે-૭-ડીના બગીચામાં સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાશે.

જેમાં સે-૭-ડીના વસાહતીઓ એકબીજાને નૂતનવર્ષની શુભેચ્છા પાઠવશે. પ્રમુખ જે.જી. ભટ્ટ તથા સે-૭-ડી નિવૃત્ત મંડળના કાર્યકારી પ્રમુખ સુમંતભાઈ શાહ પણ સૌને શુભાશિષ પાઠવશે. આ ઉપરાંત મહેશ રાવલ, ડૉ, ભાલચંદ્ર ઠાકર શુભેચ્છા સહ આશીર્વાદ આપશે. આથી સે-૭-ડીના સર્વે શહેરીજનોને સહપરિવાર ૮મી નવેમ્બરના રોજ સવારે ૭.૩૦ કલાકે સે-૭-ડીના બગીચામાં સ્નેહમિલનમાં સહભાગી થવા પ્રમુખ જે.જી. ભટ્ટે નિમંત્રણ પાઠવ્યું છે.

સ્નેહમિલન બાદ આનંદ લાફીંગ કલબ તરફથી વરિષ્ઠ નાગરિક નટુભાઈ સોલંકી સૌને આંતરરાષ્ટ્રીય કક્ષાની 'સમગ્ર શરીરની કસરત' સાથે ખડખડાટ હસાવશે. આથી સર્વેને હાજર રહેવા વિનંતી છે.

# પોર ગામમાં દરોડો પાડી પોલીસે ચાર જુગારીઓ પકડયા

## ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ચારેય શખ્સોની રૂ.૧૧,૫૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ

ગાંધીનગર, તા. ૧

અડાલજ નજીક આવેલા પોર ગામમાં એક ખેતરમાં લીમડાના ઝાડ નીચે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે અડાલજ પોલીસે દરોડો પાડી ચાર જુગારીઓને જુગાર રમતા પકડી પાડયા હતા. ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ચારેય જુગારીઓને રોકડ રૂપિયા ૧૧,૫૧૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી અડાલજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પીઆઈ જે.જી.વાઘેલાની સૂચનાથી તેમની સર્વેલન્સ ટીમ દારૂ જુગારની પ્રવૃત્તિ ઉપર નજર રાખી તેને પકડવા સક્રિય છે ત્યારે ગઈ કાલે ચોક્કસ બાતમી મળી તેના આધારે પી.એસ.આઈ. એ.જી.એનૂરકાર ની ટીમે બાતમીવાળા સ્થળે પોર ગામમાં એક ખુલ્લા ખેતરમાં લીમડાના ઝાડ નીચે દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ચાર શખ્સોને પકડી પાડયા હતા. પોર ગામના વિષ્ણુ ગાંડા ઠાકોર, બળદેવ મોહન ઠાકોર, આતાજી સોમાજી ઠાકોર અને આશિષ લાલભાઈ પટેલ મળીને ચારેય શકુનીઓની કુલ રૂ.૧૧,૫૧૦ના રોકડ મુદ્દામાલ સાથે ધરપકડ કરી ચારેય સામે જુગારધારાના ગુના હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નરોડા-દહેગામ હાઇવે પર ટ્રેક્ટરની પાછળ બાઈક ઘુસી જતાં યુવાનનું મૃત્યુ

## હાઈવે ઉપર જતુ ટ્રેક્ટર અંધારામાં ન દેખાતા બેફામ ગતિએ આવતું બાઈક પાછળથી ટ્રોલીમા ઘુસી ગયું : સોનારડા પાટીયા પાસે બનેલી ઘટના : એક ઘાયલ

ગાંધીનગર, તા. ૧

નરોડાથી દહેગામ તરફ જતા હાઈવે ઉપર ગઈકાલે રાત્રે સોનારડા ગામના પાટીયા પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. નરોડા તરફથી બેફામ ગતિએ આવી રહેલા બાઈકચાલકને અંધારામાં આગળ જતાં ટ્રેક્ટર ઉપર નજર ન પડતા તેનું બાઈક ટ્રેકટરની ટ્રોલી પાછળ ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં બાઈકચાલક યુવાનનું કમકમાટીભર્યુ મૃત્યુ હતું જ્યારે બાઈક પાછળ બેઠેલા તેના મિત્રને ગંભીર ઈજાઓ થતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. મૃતક બાઈક ચાલક યુવાનના ભાઈની ફરિયાદના આધારે ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

દહેગામ એપીએમસીની કેન્ટીનમાં નોકરી કરતો યુવાન વિક્રમસિંહ નેનુસિંહ રાવત ગઈકાલે સાંજે તેના મિત્ર સાગર ભીલને બાઈક પાછળ બેસાડીને અમદાવાદ નિકોલ ખાતે રહેતા તેના મોટા ભાઈ હમીરસિંહ રાવતના ઘરે ગયો હતો. વતન રાજસ્થાનથી તેની માતા નિકોલ ખાતે રહેતા તેના ભાઈ હમીરસિંહના ઘરે આવ્યા હોવાથી વિક્રમસિંહ નિકોલ પોતાના ભાઈના ઘરે ગયો હતો. ગઈકાલે રાત્રે નિકોલથી માતાને મળીને દહેગામ તરફ પોતાના બાઈક પર મિત્રને પાછળ બેસાડીને પરત આવી રહ્યો હતો ત્યારે નરોડા દહેગામ રોડ ઉપર સોનારડા ગામના પાટિયા પાસે તેને ગમખ્વાર અકસ્માત નડયો હતો. રાત્રે અંધારામાં વિક્રમસિંહ ને આગળ જતુ ટ્રેક્ટર દેખાયું નહીં અને ટ્રેકટરની ટ્રોલીની પાછળ તેનું બાઈક ધડાકાભેર ઘૂસી ગયું હતું.આ અકસ્માતથી વિક્રમસિંહ ને ગંભીર ઈજાઓ થતા તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું જ્યારે તેના બાઈકની પાછળ બેસેલા મિત્ર સાગરને ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. હાલ સાગરની તબિયત સુધારા પર હોવાનું તબીબી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. આ ઘટના અંગે ડભોડા પોલીસ મથક ખાતે હમીરસિંહે ફરિયાદ આપતા પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ગુનો દાખલ કરી ઘટનાની વધુ તપાસ આરંભી છે.

# સર, હેપ્પી દિવાલી ઈન એડવાન્સ...!!!

## દિવાળીમાં 'વ્યવહાર' સાચવી લવા ગીફટ-મિઠાઈની આપ-લેનો ધમધમાટ વધ્યો : દિવાળી આડે જૂજ દિવસો બાકી હોવાથી ચહલપહલ વધી

ગાંધીનગર, તા.૧

'સર, હેપ્પી દિવાલી ઈન એડવાન્સ..!!!' આ વાકય અત્યારના દિવસોમાં કદાચ ગાંધીનગરમાં સૌથી બોલાતું વાકય છે. સોમવારથી દિવાળી તહેવારો પ્રારંભ થઈ રહ્યા છે અને દિવાળી આડે જે ગણતરીના દિવસો બાકી છે તેમાં રવિવારની રજા પણ આવે છે, તેથી પાટનગરના સચિવાલય સહિતના સરકારી કાર્યાલયોમાં દીવાળીની ગીફટ મિઠાઈની આપ-લે કરવાનો ધમધમાટ વધી ગયો છે.

ગાંધીનગર રાજયનું પાટનગર હોવાને કારણે અહીં સરકારી કાર્યાલયો ખૂબ મોટા પ્રમાણમાં છે. અને વિવિધ સરકારી વિભાગોની મુખ્ય કચેરીઓ પણ અહીં છે. આ સરકારી કચેરીઓમાં વિવિધ યોજનાને સંદર્ભે તેના લાભાર્થીઓ કાર્યાલયમાં જરુરી ચીજવસ્તુઓના સપ્લાયનું કામકાજ કરતા વેપારીઓ, વિવિધ સરકારી કાર્યો અથવા પ્રોસીજરના સંદર્ભે આવતા મુલાકાતીઓની સતત અવરજવર રહેતી હોય છે. જયાં સુધી પોતાનું 'કામ' ના પતે અથવા ઝડપથી પતે, ભવિષ્યમાં 'કામ' મળતું રહે તેમજ તાજેતરમાં સંતોષકારક રીતે કામ પત્યું તેવા કારણોસર 'સંબંધ' જાળવી રાખવા દિવાળી ઉત્તમ સમય ગણાય છે કેમ કે દિવાળીના બહાને ભેટ-સોગાદો-મિઠાઈ કે 'કવર' આપી 'વ્યવહાર' નિભાવવાની પ્રથા હજુ પણ એટલી જ અમલમાં છે. વળી, તમામ કાર્યાલયોમાં કામ કરનાર કરાવનાર તથા કામ સાથે સંકળાયેલા લાભાર્થી અને હિતધારકો વચ્ચે કડીરૂપ બની 'કામ કઢાવી આપવાનું કામ' કરતા વચેટિયાઓની ભરમાર ગાંધીનગરની ઓફિસોમાં સૌથી વધુ આંટાફેરા કરતી હોય છે જેઓ માટે 'સંબંધ' બનાવવો અને 'સાચવવો' અત્યંત જરુરી હોય છે તેથી દિવાળીના સમયે આ પ્રકારના તત્વો અત્યંત સક્રીય જોવા મળે છે.

શાળાઓમાં દિવાળી વેકેશન ચાલુ થતા અને દિવાળીના તહેવારોનો પ્રારંભ થતા જ અધિકારી-કર્મચારી વર્ગના પ્રવાસે જવાની સંખ્યા પણ વધી જશે તેથી આગામી સપ્તાહે શકય છે કે સરકારી કચેરીઓમાં પાંખી હાજરી જોવા મળે. આ સ્થિતિમાં બાકી રહેલા જૂજ દિવસોમાં 'વ્યવહાર' સાચવી લેવાના દશ્યો સચિવાલય સહિતની સરકારી ઓફિસોમાં જોવા મળી રહ્યા છે.



## ચિરવિદાય

- સ્વ. ઠાકોર જીવણજી ફુતુજી, ઉ.વ. ૫૫
- સ્વ. ચાવડા રવજીભાઈ ઉકાજી, ઉ.વ. ૬૫
- સ્વ. ઠાકોર તખાજી હદાજી, ઉ.વ. ૭૧